ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરને વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂ.૨૦૦૦.૦૦ લાખ (રૂ.૨૦.૦૦/-કરોડ)ની સીધા ધિરાણની યોજનાઓના (SCW-36) એક્શન પ્લાનને મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/GSK/e-file/17/2025/1098/G
સચિવાલય, ગાંધીનગર
તા:૧૦/૦૬/૨૦૨૫

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૨/૦૫/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2024/2225/J

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૧/૦૫/૨૦૨૫નો પત્ર ક્રમાંક નં.-DSCWG/WRA/e-file/224/2025/0783/M

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના વિભાગના તા.૦૨/૦૫/૨૦૨૫ના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળના ત્રણ નિગમો (૧) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ (રૂ. ૨૦.૦૦/- કરોડ) (૨) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ(રૂ. ૨૦.૦૦/- કરોડ) (૩) ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (રૂ. ૧૦.૦૦/- કરોડ) ને વર્ષ:-૨૦૨૫-૨૬ માં સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે કુલ રૂ.૫૦૦૦.૦૦/- લાખ (રૂ. ૫૦.૦૦/- કરોડ) ની નવી બાબતોને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક:(2) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા વર્ષ:- ૨૦૨૫-૨૬ માટે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ માટે રૂ.૨૦૦૦.૦૦/- લાખ (રૂ. ૨૦.૦૦/- કરોડ)ની સીધા ધિરાણની યોજનાઓના એક્શન પ્લાનને મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને સીધા ધિરાણ યોજના હેઠળ નિગમોના લાભાર્થીઓને વિવિધ ધંધા/ વ્યવસાય/ શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ધિરાણ આપવા માટેની વર્ષ:-૨૦૨૪-૨૫ની યોજનાઓને આથી મંજૂરી આપવામાં આવે છે.

રકમ (રૂ. લાખમાં)

| ક્રમ | યોજનાનું નામ | યુનિટ | યુનિટ કોસ્ટ | ચાલુ વર્ષે આવરી લેવાના થતા લાભાર્થીઓની સંખ્યા | ધિરાણની કુલ રકમ | વ્યાજનો દર | દંડનીય વ્યાજ | લોનની ચૂકવણી સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મહિલા સમૃદ્ધિ યોજના | ૨૫૦ | ૧.૦૦ લાખ | ૨૫૦ | ૨૫૦.૦૦ | ૪% | ૨% | ૩ વર્ષ |
| ૨ | માઇક્રો ક્રેડિટ ફાઈનાન્સ યોજના | ૨૫૦ | ૧.૦૦ લાખ | ૨૫૦ | ૨૫૦.૦૦ | ૫% | ૨% | ૩ વર્ષ |
| ૩ | વ્યક્તિગત લોન યોજના | ૧૫૦ | ૨.૦૦ લાખ | ૧૫૦ | ૩૦૦.૦૦ | ૬% | ૨% | ૫ વર્ષ |
| ૪ | પેસેન્જર ઓટોરીક્ષા | ૧૦૦ | ૩.૦૦ લાખ | ૧૦૦ | ૩૦૦.૦૦ | ૬% | ૨% | ૫ વર્ષ |
| ૫ | જનરલ ટર્મલોન યોજના (GTL) | ૩૦ | ૧૦.૦૦ લાખ | ૩૦ | ૩૦૦.૦૦ | ૬% | ૨% | ૫ વર્ષ |
| ૬ | વ્હીકલ લોન યોજના | ૪૦ | ૧૫.૦૦ લાખ | ૪૦ | ૬૦૦.૦૦ | ૬% | ૨% | ૫ વર્ષ |
| | કુલ | | | | ૨૦૦૦.૦૦ | | | |

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૨/૦૫/૨૦૨૫ના ઠરાવની તમામ જોગવાઈ અને શરતોનું પાલન કરવાનું રહેશે.

૫. આ યોજનાઓની પાત્રતા અને શરતો નીચે મુજબ રહેશે.

(૧) મુળ ગુજરાત રાજ્યના વતની હોય તેવા સફાઇ કામદાર કે તેમના આશ્રિત હોય તેવી વ્યક્તિઓને આ લોન મળવાપાત્ર થાય છે.

(૨) અરજદાર સફાઇ કામદાર કે તેમના આશ્રિતની ઉંમર જાહેરાતની તારીખે ૧૮ વર્ષથી ઓછી નહી અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ.

(૩) બી.પી.એલ/વિધવા/ત્યક્તા/વિકલાંગને અગ્રિમતા આપવામાં આવશે.

(૪) મહિલા લાભાર્થીઓને અગ્રતા આપવામાં આવશે.

(૫) વાહન માટે અરજી કરનાર જાહેરાતની તારીખે વાહન ચલાવવાનું લાયસન્સ ધરાવતા હોવા જોઇએ.

(૬) સમયસર હપ્તા ન ભરનાર લાભાર્થી પાસેથી ૨% દંડનીય વ્યાજ લેવામાં આવશે.

(૭) યોજનાના લાભાર્થીને આપવામાં આવતા લાભ માટે ડીબીટી પધ્ધતિ અનુસારવાની રહેશે.

(૮) અરજદારએ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમમાંથી લોન/ધિરાણની યોજનામાં લાભ લીધેલ હોય અને નિયમિત વસુલાતના હપ્તા ભરતા હોય અથવા ના-લેણાં પ્રમાણપત્ર મેળવેલ હોય તેવા સફાઇ કામદાર અને તેમના આશ્રિતને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૯) ધિરાણ મેળવ્યા બાદ રૂ. ૧.૦૦ લાખ સુધીના ધિરાણ કેસમાં ત્રણ વર્ષના એક સરખા માસિક હપ્તામાં લાભાર્થીએ લોન પરત ભરવાની રહેશે અને રૂ. ૧.૦૦ લાખની ઉપરના ધિરાણમાં (પાંચ) વર્ષના એક સરખા માસિક હપ્તામાં ૫ થી ૬ ટકાના વ્યાજ દરે લોન લાભાર્થીએ પરત ભરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૦૯/૦૬/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

નકલ રવાના:-

- માન. મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા) ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- મેનેર્જીગ ડિરેક્ટરશ્રી, ગુજરાત સફાઈ કમદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ)
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૫